# દીપડો અમદાવાદના ઘુમા સુધી પહોંચી ગયો

**મરઘાનું** મારણ કર્યું હોવાનો પુરાવા

4 પાંજરાં ગોઠવાયાં, થર્મલ ડ્રોનથી સર્ચ

અમદાવાદ : અમદાવાદ શહેરના છેવાડાના ઘુમા-શેલા વિસ્તારમાં આવેલા શરણદીપ સોસાયટીમાં દીપડો ઘૂસી આવવાની ઘટનાએ સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ સર્જ્યો છે. મોડી રાત્રે સોસાયટીમાં દેખાયેલા દીપડાની હાજરીની વન વિભાગે સત્તાવાર જાહેરાત કરી હતી. CCTV ફૂટેજમાં દીપડાના પંજાના નિશાન અને વિસ્તારમાં એક મરઘાનું મારણ થયાના પુરાવા મળ્યા બાદ વન વિભાગે દીપડાને પકડવા માટે સઘન સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. આ વિસ્તારમાં ચાર પાંજરા ગોઠવવામાં આવ્યા છે, જ્યારે થર્મલ ડ્રોન અને ટ્રાન્કવિલાઈઝર ગન સાથે વિશેષ ટીમ તૈનાત કરવામાં આવી છે.

વન વિભાગના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે શહેરના ઘુમા વિસ્તારમાં દીપડાની હાજરી હોવાના પુરાવ હાથ લાગ્યા છે, તેથી સમગ્ર વન વિભાગ હાઈ એલર્ટ પર છે. તપાસ દરમિયાન દીપડાએ એક મરઘાનું મારણ કર્યું હોવાના પુરાવા પણ મળ્યા છે. દીપડાને સુરક્ષિત રીતે પકડવા માટે વન વિભાગ અને કાંકરિયા પ્રાણીસંગ્રહાલયની સંયુક્ત ટીમ સતત કામગીરી કરી રહી છે.

શહેરના ઘુમા ગામથી શેલા તરફ જવાના માર્ગ પર આવેલી શરણદીપ સોસાયટીમાં રાત્રે આશરે 1:50 વાગ્યે દીપડો કોટ કૂદીને અંદર પ્રવેશ્યો હતો. તે સમયે ત્યાંથી કાર લઈને પસાર થતી એક યુવતીએ પણ દીપડાને નજરોનજર જોયો હતો. બાદમાં સોસાયટીના CCTV કેમેરામાં દીપડાની હિલચાલ સ્પષ્ટ રીતે કેદ થઈ હતી. વન વિભાગ અને કાંકરિયા પ્રાણીસંગ્રહાલયના અધિકારીઓએ તપાસ દરમિયાન સોસાયટીમાં ત્રણથી ચાર સ્થળોએ દીપડાના પંજાના નિશાન પણ શોધી કાઢ્યા હતા.

વન વિભાગે દીપડાને પકડવા માટે વ્યૂહાત્મક સ્થળોએ ચાર પાંજરા ગોઠવ્યા છે. કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે શૂટર્સની ટીમ ટ્રાન્કવિલાઈઝર ગન સાથે સ્થળ પર તૈનાત રાખવામાં આવી છે. આ ઉપરાંત રાત્રિના અંધકારમાં પણ દીપડાનું ચોક્કસ લોકેશન શોધી શકાય તે માટે અત્યાધુનિક થર્મલ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

વન વિભાગના જણાવ્યા પ્રમાણે દીપડો એક જ રાતમાં પાંચથી પચાસ કિલોમીટર સુધીનું અંતર કાપી શકે છે. આથી ઘુમા ઉપરાંત શેલા, બોપલ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે. વીઆઈપી રોડ સહિત આસપાસના વિસ્તારોમાં નાઈટ પેટ્રોલિંગ વધારીને સર્ચ ઓપરેશન સતત ચાલુ રાખવામાં આવ્યું છે.

આ ઘટનાને પગલે સ્થાનિક રહેવાસીઓમાં ભારે ગભરાટ ફેલાયો છે. વન વિભાગે લોકોને ખાસ કરીને રાત્રિના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા, બાળકોને એકલા ન મોકલવા અને કોઈપણ શંકાસ્પદ હિલચાલ જોવા મળે તો તાત્કાલિક વન વિભાગ અથવા પોલીસને જાણ કરવા અપીલ કરી છે.

# અમદાવાદમાં 10નાં મોત બાદ ફાયર વિભાગ સફાળો જાગ્યો: 147 સ્થળની ચકાસણી

4 એકમ સીલ, 23 ગોડાઉન સહિત 30ને નોટિસ ફટકારવામાં આવી

અમદાવાદ: અમદાવાદના રામોલ વિસ્તારમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં થયેલા જોરદાર બ્લાસ્ટ બાદ ફાટી નીકળેલી આગામાં 10 લોકોએ જીવ ગુમાવ્યા છે. આ અરેરાટીભરી ઘટના બાદ અમદાવાદા મનપાની ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ વિભાગ સફાળો જાગી ઉઠ્યો હતો, અને શહેરમાં ફાયર સેફ્ટીના નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે તમામ ઝોનમાં વિશેષ તપાસ અભિયાન હાથ ધર્યું હતું. મનપાના ફાયર વિભાગે અમદાવાદ શહેરભરમાં કુલ 147 સ્થળોની ચકાસણી દરમિયાન નિયમોના ભંગ બદલ 30 એકમોને નોટિસ ફટકારી હતી, જ્યારે ગંભીર અનિયમિતતા સામે આવતા ચાર એકમોને સીલ કરવામાં આવ્યાં હતાં.

અમદાવાદ મનપાના ફાયર વિભાગે હાથ ધરેલી ઝુંબેશમાં વિવિધ ગોડાઉન, વેરહાઉસ, વ્યવસાયિક એકમો અને અન્ય સ્થળોની તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન 23 વેરહાઉસ અને ગોડાઉન તેમજ અન્ય સાત એકમો સામે નોટિસની કાર્યવાહી કરવામાં આવી હતી. ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન સામે આવતા વસ્ત્રાલ ખાતે કાંતિ ચીનીલાલ શ્રીમાળીનું એકમ, રામોલમાં, મોહસીનખાન સિદ્દીકખાન પઠાણનું એકમ, નરોલમાં જીશાનુદીન ઝહીરુદીન સૈયદનું એકમ તેમજ વટવાના ગ્યાસપુર ગામ ખાતે આવેલી કિંગ ફાયર વર્ક્સ કુલ ચાર એકમોને સીલ કરવામાં આવ્યા હતા.

ફાયર વિભાગના જણાવ્યા પ્રમાણે શહેરમાં ફાયર સેફ્ટીના નિયમોનું કડક પાલન કરાવવા માટે વધુ સઘન ઝુંબેશ શરૂ કરવામાં આવશે. નિયમોનો ભંગ કરનાર એકમો સામે કાયદેસરની કાર્યવાહી યથાવત્ રાખવામાં આવશે.

# ચાંદીપુરા વાયરસ 8ને ભરખી ગયા બાદ આરોગ્ય તંત્રની આંખ ઊઘડી

**રાજ્યમાં** કુલ 63 શંકાસ્પદ દર્દીના ટેસ્ટ કરાવાયા, 55ના રિપોર્ટ આવી ગયા, 12 પોઝિટિવ

ગાંધીનગર: ગુજરાતમાં ચાંદીપુરા વાયરસને કારણે સ્થિતિ ચિંતાજનક બનતી જઈ રહી છે. અત્યાર સુધીમાં ૬૩ શંકાસ્પદ દર્દીઓમાંથી ૧૨ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જ્યારે ૮ દર્દીનાં મોત થયા છે. વધતા સંક્રમણને પગલે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં રાજ્યભરની તમામ હોસ્પિટલોમાં સઘન દેખરેખ, બાળકો માટે વિશેષ સારવાર વ્યવસ્થા અને અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે જંતુનાશક દવાઓના છંટકાવ સહિતના પગલાં ઝડપી લેવા સૂચના આપવામાં આવી છે.

અત્યાર સુધીમાં નોંધાયેલા ૬૩ શંકાસ્પદ કેસોમાંથી ૫૫નાં પરીક્ષણ પરિણામો મળી ચૂક્યાં છે, જેમાં ૧૨ દર્દીઓ પોઝિટિવ નોંધાયા છે. આ પૈકી ૯ દર્દીઓ ગુજરાતના અને ૩ દર્દીઓ રાજસ્થાનના છે. અત્યાર સુધીમાં કુલ ૮ દર્દીનાં મૃત્યુ થયા છે, જેમાં ત્રણ દર્દીઓ રાજસ્થાનના હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે. મૃતકોમાં ભરૂચના ૨૦ વર્ષીય યુવકનો પણ સમાવેશ થાય છે, જ્યારે બાકીના ૮ નમૂનાઓના રિપોર્ટ હજુ આવવાના બાકી છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં વાયરસના સંક્રમણના સ્ત્રોત સુધી પહોંચવા માટે દરેક દર્દીની ટ્રાવેલ હિસ્ટ્રી અને કેસ હિસ્ટ્રીની ઝીણવટભરી તપાસ કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. હાલ પંચમહાલ અને ખેડા જિલ્લામાં બે-બે કેસ નોંધાયા છે, જ્યારે સાબરકાંઠા, મહેસાણા, ભરૂચ, ભાવનગર અને અમદાવાદ મહાનગર વિસ્તારમાં એક-એક પોઝિટિવ કેસ સામે આવ્યો છે.

અસરગ્રસ્ત વિસ્તારોમાં હજારો ઘરોમાં હેલ્થ સ્ક્રીનિંગ હાથ ધરવામાં આવ્યું છે. ચાંદીપુરા વાયરસના વાહક ગણાતા સેન્ડફ્લાય અને અન્ય જીવાતોના નિયંત્રણ માટે કાચાં મકાનો, પશુઓની ગમાણ અને આસપાસના વિસ્તારોમાં યુદ્ધના ધોરણે જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. રાજ્યની તમામ સિવિલ હોસ્પિટલો અને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં બાળકો માટે આઈસીયુ બેડ, વેન્ટિલેટર અને જરૂરી દવાઓની પૂરતી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

આરોગ્ય મંત્રીએ પાનશેરિયાએ જણાવ્યું હતું કે ચોમાસા અને સપ્ટેમ્બર સુધી ચાંદીપુરા વાયરસની સક્રિયતા વધુ રહેતી હોય છે અને મુખ્યત્વે બાળકોને તેની અસર થતી હોય છે. બાળકને અચાનક તીવ્ર તાવ, ખેંચ, ઉલટી-ઝાડા અથવા બેભાન થવા જેવાં લક્ષણો દેખાય તો વિલંબ કર્યા વગર તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલ અથવા બાળરોગ નિષ્ણાતનો સંપર્ક કરવા તેમણે અપીલ કરી હતી.

# દહેજમાં રૂ. ૨૧૫૩ કરોડના ડ્રગ્સના જથ્થાનો નાશ કરાયો

21 મહત્ત્વના કેસોના 278 પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને કુલ રૂ.59.42 લાખના ઇનામથી સન્માનિત કરાયા

ગાંધીનગર: ભરૂચના દહેજ ખાતે એક જ દિવસમાં રાજ્યના 24 પોલીસ એકમો દ્વારા જુદા જુદા કેસોમાં જપ્ત કરાયેલા રૂ. 2,153 કરોડના નાર્કોટિક્સનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નાશ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાત પોલીસે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સ્મગલિંગ નેટવર્કની કમર તોડી નાખી છે અને હવે ડ્રગ્સ નેટવર્ક સાથે સંકળાયેલા દરેક ગુનેગાર સામે વધુ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રી સંઘવીએ ડ્રગ્સ નિકાલ સમિતિના સભ્યો સાથે જપ્ત કરાયેલા નાર્કોટિક્સનું નિરીક્ષણ કર્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના 'ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા'ના આહ્વાન અને 'ઝીરો ટોલરન્સ'ની નીતિ હેઠળ રાજ્યના 24 પોલીસ એકમો દ્વારા 867 ગુનાઓમાં જપ્ત કરાયેલા કુલ 13,249.127 કિલોગ્રામ ડ્રગ્સ તથા 5,71,028 બોટલોનો નાશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ GACL ખાતે ગુજરાત પોલીસની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ દ્વારા તૈયાર કરાયેલી NDPS હેન્ડબુકનું વિમોચન કરવામાં આવ્યું. તપાસ અધિકારીઓને કાયદાની જોગવાઈઓ અને તપાસ પ્રક્રિયામાં માર્ગદર્શન મળે તે હેતુથી આ હેન્ડબુક તૈયાર કરવામાં આવી છે. કાર્યક્રમ દરમિયાન 'ડ્રગ મુક્ત ગુજરાત' વિષયક જાગૃતિ ફિલ્મ અને વ્યસનમુક્ત થયેલા યુવાનોના અનુભવો દર્શાવતી વિશેષ રજૂઆત પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન રાજ્ય સરકારની 'ડ્રગ્સ રિવોર્ડ પોલિસી' હેઠળ ડ્રગ્સ સામે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર 21 મહત્ત્વના કેસોના 278 પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને કુલ રૂ.59.42 લાખના ઈનામથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિક, સીઆઈડી ક્રાઈમના અધિકારીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ તથા લોકપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ બ્લાસ્ટ કેસના બે આરોપીના સાત દિવસનાં રિમાન્ડ

**દુર્ઘટનામાં** અન્ય કોઇની સંડોવણી છે કે નહીં તેની તપાસ થશે



અમદાવાદ : અમદાવાદના રામોલ વિસ્તારમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં થયેલા ભીષણ બ્લાસ્ટ કેસમાં પોલીસે ઝડપી ત્રણેય આરોપીઓને આજે ઘી કાંટા સ્થિત મેટ્રોપોલિટન કોર્ટમાં રજૂ કર્યા હતા. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોર્ટે મુખ્ય આરોપી મેહુલ ડોડિયા અને સાદિક સૈયદના 27 જુલાઈ સુધીના સાત દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

જ્યારે અન્ય આરોપી રમીલાબહેન ડોડિયા અંગે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે બ્લાસ્ટ કેસમાં સંડોવાયેલા મુખ્ય આરોપી મેહુલ ડોડિયા, તેની માતા રમીલાબહેન ડોડિયા અને સાદિક સૈયદને ઘી કાંટા કોર્ટમાં રજૂ કરીને સઘન પૂછપરછ માટે પોલીસ રિમાન્ડની માંગણી કરી હતી. આ કેસની સુનાવણી દરમિયાન તપાસ માટે વધુ સમય જરૂરી હોવાનું રજૂ કરતાં મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ડી. આર. ઠાકુરની કોર્ટે મેહુલ ડોડિયા અને સાદિક સૈયદના 27 જુલાઈ સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા.

પોલીસ દ્વારા ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ કેવી રીતે થયો, ત્યાં કેટલા પ્રમાણમાં વિસ્ફોટક સામગ્રીનો જથ્થો સંગ્રહિત હતો, જરૂરી પરવાનગીઓ અને ફાયર સેફ્ટીના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં, તેમજ દુર્ઘટના માટે અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ તે સહિતના મુદ્દાઓ પર પૂછપરછ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે રામોલની ફટાકડાની ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટમાં અત્યાર સુધી 10 લોકોના મોત થયા છે, જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

# અમદાવાદ GST એપેલેટ ટ્રિબ્યુનલ ત્રણ ઓગસ્ટથી કાર્યરત થશે

GST અપીલોના કેસોની સુનાવણીનો થશે પ્રારંભ



અમદાવાદ : ગુજરાતના વેપારીઓ, ઉદ્યોગકારો અને ટેક્સ પ્રોફેશનલ્સ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. લાંબા સમયથી રાહ જોવાઈ રહેલી અમદાવાદ GST એપેલેટ ટ્રિબ્યુનલ (GSTAT) આગામી 3 ઓગસ્ટ, 2026થી સત્તાવાર રીતે કાર્યરત બનશે. ટ્રિબ્યુનલ શરૂ થતાં વર્ષોથી પેન્ડિંગ રહેલી GST અપીલોની સુનાવણીનો માર્ગ મોકળો બનશે અને કરવેરા સંબંધિત વિવાદોના ઝડપી અને અસરકારક નિકાલને વેગ મળશે.

કેન્દ્ર સરકારના નાણાં મંત્રાલયના આવક વિભાગ હેઠળ કાર્યરત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (GSTAT) દ્વારા જાહેર કરાયેલી જાહેર સૂચના મુજબ અમદાવાદ બેન્ચ આગામી 3 ઓગસ્ટ, 2026થી GST સંબંધિત અપીલોના કેસોની સુનાવણી શરૂ કરશે. ટ્રિબ્યુનલનું અસ્થાયી કાર્યાલય અમદાવાદના બોડકદેવ સ્થિત GNFC ઈન્ફોટાવર્સ ખાતે કાર્યરત રહેશે.

ટ્રિબ્યુનલ કાર્યરત થતાં કરદાતાઓ, સરકારી વિભાગો, અધિકૃત પ્રતિનિધિઓ, વકીલો, ટેક્સ કન્સલ્ટન્ટ્સ તથા અન્ય હિતધારકોને હવે GST સંબંધિત અપીલોના કેસોની સુનાવણી માટે અમદાવાદ બેન્ચની સીધી સુવિધા મળશે. અત્યાર સુધી ટ્રિબ્યુનલ કાર્યરત ન હોવાથી મોટી સંખ્યામાં અપીલો પેન્ડિંગ રહી હતી, જેના કારણે વેપારીઓ અને ઉદ્યોગકારોને લાંબા સમય સુધી રાહ જોવી પડતી હતી.

GSTATના પ્રમુખ દ્વારા 14 મે, 2026ના ઓફિસ ઓર્ડર અનુસાર અમદાવાદ બેન્ચની રચના કરવામાં આવી છે. પ્રથમ બેન્ચમાં વાઈસ પ્રેસિડેન્ટ ગુણવંતલાલ મંચંદાસ પટેલ, ટેક્નિકલ મેમ્બર (સેન્ટર) પ્રમોદ કુમાર સિંહ સાથે ફરજ બજાવશે. જ્યારે બીજી બેન્ચમાં જ્યુડિશિયલ મેમ્બર શૈલજા શશિકાંત સાવંત તથા ટેક્નિકલ મેમ્બર (સ્ટેટ) દિનેશકુમાર વજેશંકર ત્રિવેદી કામગીરી સંભાળશે.

ટ્રિબ્યુનલ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે રોજની કોઝ લિસ્ટ (Cause List) સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે. પક્ષકારો, વકીલો અને ટેક્સ પ્રોફેશનલ્સને પોતાના કેસોની તારીખ અને સુનાવણી અંગેની માહિતી માટે નિયમિતપણે વેબસાઈટ તપાસવાની સલાહ આપવામાં આવી છે.

જાહેર સૂચનામાં વેપાર-ઉદ્યોગ મંડળો, ચેમ્બર ઓફ કોમર્સ, ટેક્સ બાર એસોસિએશનો તથા અન્ય વ્યાવસાયિક સંસ્થાઓને પણ આ માહિતીનો વ્યાપક પ્રચાર કરીને પોતાના સભ્યો સુધી પહોંચાડવા અપીલ કરવામાં આવી છે. અમદાવાદ GST એપેલેટ ટ્રિબ્યુનલ શરૂ થતાં ગુજરાત સહિત પશ્ચિમ ભારતના વેપારીઓ અને ઉદ્યોગકારોને GST વિવાદોના ઝડપી નિકાલમાં મોટી રાહત મળશે. સાથે જ અપીલ પ્રક્રિયા વધુ સરળ, સુવ્યવસ્થિત અને સમયબદ્ધ બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## સુડોકુ ૭૨૮૬ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | ૧ | ૩ | | ૫ | ૮ | ૭ |
| ૯ | ૭ | ૮ | | ૫ | ૬ | ૩ | | ૨ |
| | | ૧ | ૨ | | | ૯ | ૪ | |
| ૬ | ૧ | ૭ | ૮ | ૯ | | | | ૪ |
| | ૯ | | ૩ | | ૧ | | ૭ | |
| | ૫ | ૩ | ૭ | ૬ | ૨ | ૧ | ૯ | |
| | ૨ | | | ૮ | | | ૬ | |
| | ૬ | ૪ | ૯ | ૨ | | | | ૧ |
| | | | ૬ | ૧ | ૩ | | | ૯ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### માથાના વાળ

વાળ ખરે, ખંજવાળ આવે તો દળેલી મેથી બે ચમચી, લીમડાના પાંદડાનું ચૂર્ણ ચાર ચમચી લીંબુવાળા પાણી સાથે ભીંજવી માથે ભરવું, કલાક પછી ધોઈ નાખો.

## શબ્દગુંફન - ૭૨૪૫

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. નકામી પીડા, પંચાત (૩)
૪. નિશાનબાજ, બાણાવળી (૪)
૬. સંધિપત્ર, તહનામું (૫)
૮. દેવાળિયું (૩)
૧૦. સોગન (૨)
૧૧. પડતી અધોગતિ (૩)
૧૩. અવાજ, ઘોષ (૨)
૧૪. રેતીનું મેદાન (૨)
૧૫. કલ્યાણકારક (૪)
૧૭. આનંદ, લહેર (૨)
૧૮. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૧૯. કેફ, ખુમારી (૨)
૨૦. ઘોડો (૨)
૨૧. ફાયદો, ફતેહ (૪)
૨૪. દયાવાળું (૩)
૨૭. સુંદર સ્ત્રી (૨)
૨૮. મોહ મેળ (૨)
૨૯. સરખી સપાટીનું (૪)
૩૧. કોતરકામ કરનાર (૫)
૩૩. લેખ, દસ્તાવેજ (૩)

**ઊભી ચાવી**

૧. વારંવાર સ્મરણ (૩)
૨. ઈશારો કે સૂચના (૩)
૩. મુરાદ, હેતુ (૪)
૪. બાણ (૨)
૫. મનનું વલણ (૩)
૭. ''..... તેરી ગંગા મૈલી'' (૨)
૯. નોતરુ, ઈજન (૩)
૧૧. પ્રતિજ્ઞા (૨)
૧૨. પ્રણામ (૩)
૧૩. સ્ત્રી, મહિલા (૨)
૧૪. પરવાનગી (૨)
૧૫. ગણતરી (૩)
૧૬. સોનું, કુંદન (૩)
૧૭. સહાય (૩)
૧૮. ખુશ, પ્રસન્ન (૨)
૨૦. રાત્રિ ભોજન (૨)
૨૨. કૃપા, દયા (૩)
૨૩. અસ્થિર, ચંચળ (૩)
૨૫. યાચના કરનાર (૩)
૨૬. ચાલવાનો અવાજ (૪)
૨૮. ગુસ્સો, હાલ (૨)
૨૯. શિક્ષા (૨)
૩૦. શરીર (૨)
૩૧. નમેલું (૨)
૩૨. ઠંડુ, ટાઢું (૨)

# TAT પરીક્ષા વિવાદમાં 500 જગ્યા ખાલી રાખી ભરતી પ્રક્રિયા આગળ વધારવા સરકારની હાઈકોર્ટમાં રજૂઆત

500 જગ્યાના કારણે 11 હજાર શિક્ષિત યુવાનોનું ભવિષ્ય અટવાયું, વધુ સુનાવણી બુધવારે થશે

અમદાવાદ: રાજ્યમાં 11 હજાર વિદ્યાસહાયકોની ભરતી ટાટ પરીક્ષાના 18 પ્રશ્નોને લઈને થયેલા વિવાદના કારણે ગુજરાત હાઈકોર્ટમાં અટવાઈ છે. આ મામલે રાજ્ય સરકારે હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરી છે કે કેસનો આખરી ચુકાદો ન આવે ત્યાં સુધી 500 બેઠકો ખાલી રાખીને બાકીની જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવાની મંજૂરી આપવામાં આવે. આ અંગે વધુ સુનાવણી આગામી બુધવારના રોજ હાથ ધરાશે.

હાઈકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન સરકારે જણાવ્યું હતું કે ટાટ પરીક્ષાના વિવાદને કારણે ભરતી પ્રક્રિયા અટકી ગઈ છે, જ્યારે ભરતી કેલેન્ડર પહેલેથી જ જાહેર કરવામાં આવ્યું છે. તેથી હજારો ઉમેદવારોનાં હિતને ધ્યાનમાં રાખીને ભરતી પ્રક્રિયા આગળ વધારવાની મંજૂરી આપવામાં આવે.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પણ અરજદારોને ટકોર કરતાં જણાવ્યું હતું કે માત્ર 500 ઉમેદવારોના વિવાદને કારણે સમગ્ર ભરતી પ્રક્રિયા અટકાવવી યોગ્ય નથી. જો 500 બેઠકો ખાલી રાખીને બાકીની ભરતી કરવામાં આવે તો અંતિમ ચુકાદા બાદ તે નિર્ણય તમામ પક્ષકારો માટે બંધનકર્તા રહેશે. અરજદારો તરફથી દલીલ કરવામાં આવી હતી કે માત્ર બેઠકો ખાલી રાખવાથી તેમની સમસ્યાનો ઉકેલ આવતો નથી. અંતિમ મેરિટમાં ફેરફાર થાય તો તેમને પોતાની પસંદગીની શાળા અથવા સ્થળે નિમણૂક મળવાની શક્યતા ઘટી શકે છે.

અરજદારો દ્વારા પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરીને હાલ પૂરતી નિમણૂક ન આપવા તેમજ ટાટ પરીક્ષાના પ્રશ્ન નંબર 1થી 18 સુધીના પ્રશ્નો ખોટા જાહેર કરી તેના ગુણ તમામ ઉમેદવારોને આપવાની માંગ કરવામાં આવી છે.

સરકારે આ અંગે કહ્યું હતું કે સંબંધિત પ્રશ્નો ખરેખર ખોટા છે કે નહીં તે અંગેનો નિર્ણય હાઈકોર્ટ કરશે, ત્યારબાદ જ ગુણ આપવા અંગે નિર્ણય લઈ શકાશે. સાથે જ સરકારે એવી દલીલ પણ કરી હતી કે જો આવી રાહત આપવામાં આવશે તો અન્ય અનેક ઉમેદવારો પણ સમાન માંગ સાથે હાઈકોર્ટમાં આવી અરજી કરશે. આ સમગ્ર મામલે ગુજરાત હાઈકોર્ટે વધુ સુનાવણી આગામી બુધવાર સુધી મુલતવી રાખી છે.

## વિદ્યાર્થીઓને સફળ સ્ટાર્ટઅપ અને રોજગાર સર્જન તરફ પ્રેરિત કરવા 10 દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ

અમદાવાદ: ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે દેશભરના NIFT કેમ્પસના ફેકલ્ટી સભ્યો માટે આજથી 31 જુલાઈ, 2026 દરમિયાન 10 દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારના કાપડ મંત્રાલય હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ફેશન, કાપડ અને ડિઝાઈન ક્ષેત્રમાં ઉદ્યોગસાહસિકતા અંગે ફેકલ્ટી સભ્યોની માર્ગદર્શન ક્ષમતાનો વિકાસ કરવાનો છે. NIFT ગાંધીનગરના ડિરેક્ટર ડૉ. સમીર સૂદે જણાવ્યું હતું કે આ પહેલ વિકસિત ભારત-2047ના વિઝનને અનુરૂપ છે અને વિદ્યાર્થીઓમાં નવીનતા તથા ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપશે. તેમણે NIFT લોન્ચપેડ અને NIFT ફાઉન્ડેશન ફોર ડિઝાઈન ઈનોવેશન જેવી પહેલોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

## આજનું પંચાંગ

**તા. 21/07/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** સુદ: આઠમ: 29:18- દુર્ગાષ્ટમી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 30
**યોગ :** સિદ્ધ **કરણ:** વિષ્ટિ **નક્ષત્ર :** ચિત્રા: 20:49
રાશિ: કન્યા (પ,ઠ,ણ) 07:57 પછી તુલા (ર,ત)
**દિવસ :** સામાન્ય- બુધ પૂર્વમાં ઉદય
**સુરતમાં સૂર્યોદય :** 06:09 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:20
**નવકારસી :** 06:57
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 11મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 06ઠો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ,
**રાહુકાળ:** બપોરે: 15:00 થી 16:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** સામાજિક કામથી શાંતિ મળે. પારિવારિક કામમાં પ્રગતિ થાય. સરકારી કોર્ટ, કચેરી વગેરે કામમાં પ્રગતિ.

**વૃષભ (બ,વ,ઉ,):** નોકરી-ધંધા વગેરેમાં મળતા મોસાળ પક્ષનો સાથ મળે. નોકરીમાં નવી તક ઊભી થાય. હરીફોથી સાવધાન.

**મિથુન (ક,છ,ઘ,):** સંતાનોના કામ અને પ્રશ્નો સતાવે. આવક વધારવાની યોજના બને. શેર, સટ્ટા, લોટરીમાં લાભ થાય.

**કર્ક (ડ,હ,):** બહારનાં કામ થાય પ્રવાસમાં મિલન-મુલાકાત થાય. જમીન-વારસા બાબતે પ્રગતિ થાય. આવક વધે.

**સિંહ (મ,ટ,):** વિદ્યાર્થીઓને મદદ મળે. પરીક્ષા ઈન્ટરવ્યુમાં સફળતા મળે. હાથ પરનાં કામ પાર પડે. પ્રવાસ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** બૌદ્ધિક કાર્યમાં સફળતા મળે. માર્કેટીંગ, દલાલી, શિક્ષણને લગતાં કામમાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત,):** કાર્ય સિદ્ધિથી આત્મવિશ્વાસ વધે. નોકરીમાં નવી તક ઊભી થાય. સામાજિક કામમાં યશ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** કિંમતી વસ્તુઓનું ધ્યાન રાખવું. પ્રવાસમાં અશાંતિ વધે. અણગમતા સમાચાર મળે. ખર્ચા વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** રોકાણથી લાભ થાય. નવા લોકોથી સાવધાન. મિત્રોની મદદ, સમાજ-પરિવારનો કામમાં મળે.

**મકર (ખ,જ,):** નોકરી-ધંધામાં નવી તક મળે. અટકેલા કામ પાર પડે. મોજ-શોખના ધંધામાં લાભ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** યાત્રા-પ્રવાસ, પર્યટન, ધાર્મિક પ્રવાસ વગેરે કામમાં લાભ થાય. શુભ સમાચાર મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** કોર્ટ-કચેરીમાં સાવધાન અચાનક આવક વધશે. વડીલોની મદદ મળે. સરકારી નોકરીયાતે સાવધાન.

## કોઈ પણ સાલમાં 21 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષમય પસાર થશે. નવા વેપાર ધંધા તેમજ સામાજિક કામ અને નોકરી વગેરેમાં હરીફોની હેરાનગતિ સતાવશે. ચડતી-પડતી સાથે નવા ફેરફાર અને ટેકનોલોજી પ્રમાણે કામ કરવું પડશે. આવક વધારવાની યોજનામાં મદદ મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ વધે. ઊંમર લાયકના વિવાહ થાય. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મદદ મળે. નવા વરા, વાહન, મકાન બાબતે મધ્ય વર્ષ અનુકુળ રહેશે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. વારસા, જાયદાત, જમીન વગેરે કામમાં વિઘ્નો આવે. મિત્રો-વડીલો સાથે ઘર્ષણથી અશાંતિ વધશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. ફેબ્રુઆરી, માર્ચ, નવેમ્બર, ડીસેમ્બર, ગુરુ-શુક્રવાર- 03, 12, 21,30 તારીખે નવા કામ કરવા. પીળો, જાંબલી, સોનેરી રંગ ઉપયોગમાં લેવો. જૂન-જુલાઈ, રવિ-બુધવાર, 2,11,20,20 તારીખે નવા કામ ટાળવો. લાલ, નીલા રંગનો ઉપયોગ ઓછો કરવો. ગુરુવારનાં ઉપાય કરતા રહેવું.

# વાહન માલિકીની તબદીલી, NOC માટે આધાર લિંક ફરજિયાત

**વિગતમાં** તફાવત જણાશે તો ડ્રાઈવિંગ લાઇસન્સની વિગતો દાખલ કરવી પડશે

ગાંધીનગર: દેશભરમાં વાહન માલિકીની તબદીલી અને નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવવાની પ્રક્રિયાને વધુ પારદર્શક, સુરક્ષિત અને છેતરપિંડીમુક્ત બનાવવા માટે કેન્દ્ર સરકારે નિર્ણય લીધો છે. 15 જુલાઈ, 2026થી અમલમાં આવેલા નવા નિયમો મુજબ હવે વાહન માલિકીની તબદીલી અને અન્ય રાજ્યમાં વાહન ટ્રાન્સફર માટે પરિવહન પોર્ટલ પર આધાર કાર્ડ લિંક કરવું ફરજિયાત બન્યું છે.

કેન્દ્ર સરકાર દ્વારા વાહન માલિકીની તબદીલી અને NOC સંબંધિત ઓનલાઈન પ્રક્રિયામાં મહત્વપૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે. નવા નિયમો મુજબ અરજદારે પરિવહન પોર્ટલ પર આધાર કાર્ડની વિગતો દાખલ કરવી ફરજિયાત રહેશે. આધાર કાર્ડ અને વાહનના રેકોર્ડની વિગતો સંપૂર્ણપણે મેળ ખાતી હશે તો જ વાહન માલિકીની તબદીલીની પ્રક્રિયા ઓનલાઈન પૂર્ણ થઈ શકશે.

જો આધાર કાર્ડ અને પરિવહન પોર્ટલની વિગતોમાં કોઈ તફાવત જોવા મળશે તો અરજદારે પોતાના ડ્રાઈવિંગ લાઈસન્સની વિગતો દાખલ કરવી પડશે. ત્યારબાદ પણ જો આરસી બુક અને ડ્રાઈવિંગ લાઈસન્સની વિગતોમાં વિસંગતતા રહેશે તો સંબંધિત વ્યક્તિએ જરૂરી દસ્તાવેજો સાથે આરટીઓ કચેરીમાં રૂબરૂ હાજર રહી પ્રક્રિયા પૂર્ણ કરાવવી પડશે. સરકારનું માનવું છે કે આ નવી આધાર આધારિત વેરિફિકેશન વ્યવસ્થાથી વાહન માલિકીની તબદીલી વધુ ઝડપી, સરળ અને વિશ્વસનીય બનશે. સાથે જ અનધિકૃત વાહન ટ્રાન્સફર, બનાવટી દસ્તાવેજોના ઉપયોગ અને છેતરપિંડી જેવા ગુનાઓ પર અસરકારક નિયંત્રણ મેળવી શકાશે. ઉલ્લેખનીય છે કે, આ નવી વ્યવસ્થા ગુજરાત સહિત સમગ્ર દેશમાં 15 જુલાઈ, 2026થી અમલમાં આવી ગઈ છે. પરિવહન વિભાગે વાહન માલિકોને સમયસર આધાર વિગતો અપડેટ રાખવા અપીલ કરી છે, જેથી માલિકીની તબદીલી અને NOC મેળવવાની પ્રક્રિયામાં કોઈ મુશ્કેલી ઊભી ન થાય.